ડભોડીયા હનુમાનજીએ ધનતેરસ-કાળી ચૌદસના મેળામાં માનવ મહેરામણ ઉમટશે

રાત્રે બાર વાગે મહાવીરની મહા આરતી કરાશે : રાત્રે ૯ વાગ્યાથી લોકો લાઈનો લગાવશે : મંદિર પરિસર બહાર બે જાયન્ટ સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરાશે : ટ્રાફિક નિયમન માટે સ્વયંસેવકો અને હોમગાર્ડ પોલીસના જવાનોની ફોજ ખડકાશે

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડાના હનુમાનજી મંદિરે દર વર્ષની જેમ ધનતેરસ-કાળીચૌદસનો પરંપરાગત મેળો ભરાશે. જેમાં લાખો શ્રદ્ધાળુઓ ડભોડીયા દાદાના દર્શનાર્થે ઉમટી પડશે. વર્ષો જુની પરંપરા મુજબ ધનતેરસની રાત્રે મહાવીરની મહા આરતી કરાશે. શ્રદ્ધાળુઓના ઘસારાને ધ્યાનમાં લઈને ટ્રાફિક નિયમન અને વાહન પાર્કિંગ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારતમાં આખામાં દક્ષિણ મુખી હનુમાનજીનું આ એક માત્ર મંદિર હોવાની માન્યતા છે. જેમાં ૧૦૦૦ વર્ષથી વધુ પૌરાણિક અને સ્વયંભૂ હનુમાનદાદાની મૂર્તિ બિરાજમાન છે. આ ડભોડીયા દાદાના દર્શનાર્થે દર શનિવારે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. અહીં વર્ષો જુની પરંપરા મુજબ ધનતેરસની રાત્રે ૧૨ વાગે મહાવીરની મહાઆરતી કરવામાં આવે છે. આ મહાઆરતીના દર્શનાર્થે દર વર્ષે સમગ્ર જિલ્લા ઉપરાંત અમદાવાદ, સાબરકાંઠા અને દૂર દૂરથી ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ આરતીનો લ્હાવો લેવા માટે શ્રધ્ધાળુઓ રાત્રે ૯ વાગ્યાથી જ મંદિર પરિસરમાં પોતાનું સ્થાન મેળવી લે છે. જેના કારણે અહી લાંબી લચક લાઈનો લાગી જાય છે. જો કે મંદિર સત્તાવાળાઓ તરફથી દરેક દર્શનાર્થીને આ મહાઆરતીનો લ્હાવો મળે તે માટે મંદિર પરિસરની બહાર બે મોટા સ્ક્રીન લગાવી લાઈવ આરતી બતાવવામાં આવે છે. લગભગ બે થી ત્રણ લાખ જેટલા શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી અહીં મેળાનો માહોલ સર્જાય છે.

ડભોડીયા દાદાને ભક્તો સિંદુર,અડદ, તેલ, કાળા તલ, શ્રીફળ અને આકડાના ફૂલની માળાઓ ચઢાવે છે. અહીં આપવામાં આવતા દોરા-તાવીજનું પણ ભક્તોમાં ખૂબ મહત્વ છે. આ વર્ષે ભક્તોના ઘસારાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન અને વાહન પાર્કિંગ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ મેળામાં અનેક સ્વયંસેવકો, હોમગાર્ડના જવાનો અને પોલીસ કર્મીઓ આખી રાત ખડે પગે, અવિરત સેવાઓ આપે છે. અને દરેક વાહન યોગ્ય રીતે પાર્ક થયું છે કે નહિ તેની તકેદારીથી લઈને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાય તેનું ખાસ ધ્યાન રાખે છે.

ખોરજ કન્ટેનર ડેપો પાસે આઈશર ટ્રક સળગી ઉઠી

કાળી ગામથી ટ્રકમાં સિમેન્ટની પાઈપો ભરીને મહેસાણા લઈ જવાઈ રહી હતી

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદના કાળી ગામ વિસ્તારમાંથી સિમેન્ટની પાઈપો ભરીને આઈશર ટ્રકને મહેસાણા લઈ જવાઈ રહી હતી તે દરમિયાન રસ્તામાં ખેરજ કન્ટેનર ડેપો નજીક આ આઈશર ટ્રક અચાનક સળગી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતા તાબડતોબ ઘટના સ્થળે ફાયરનો કાફલો પહોંચી ગયો તો અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવાઈ હતી. સદનસીબે આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાનિ થવા પામી નથી.

જલારામ ટ્રાન્સપોર્ટ મહેસાણાની આઈશર ટ્રક નં. જીજે ૧૮ ઓપી. ૪૪૪૧ કાળી ગામ ગઈ હતી કાળીગામથી સિમેન્ટની પાઈપો ભરીને આઈશર ટ્રક મહેસાણા પરત ફરી રહી હતી તે દરમિયાન આજે બપોરના સુમારે એસ.જી. હાઈવે પર સ્થિત ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપો પાસેના રોડ પર ટ્રકમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો. ટ્રક માલિકના જણાવ્યા મુજબ અંદાજે દોઢેક લાખનું નુકસાન થવા પામ્યું છે. જો કે સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થઈ નથી. તો બીજી તરફ આગ લાગવા પાછળનું કારણ પણ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયું નથી.

આજથી શાળાઓમાં દિવાળીની રજાઓ શરૂ થઈ જશે. પ્રકાશ અને રંગોનો પર્વને વધાવતા નાણાવટી સ્કૂલ, સેક્ટર-૬ નાં બાળકોએ સમાજને સંદેશો આપતી સુંદર રંગોળીથી કૃતિ બનાવી છે. (તસવીર : કશ્યપ નીમાવત)

પેથાપુર ચોકડીથી કેબલના જથ્થા સાથે બે શકમંદો પકડાયા

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર પોલીસ ગઈ કાલે સાંજે ચેકીંગમાં હતી તે દરમિયાન પેથાપુર ચોકડી પાસેથી બે યુાન શખ્સોને કેબલ વાયરના જથ્થા સાથે શંકાસ્પદ હાલતમાં પકડી પાડયા હતાં. કેબલ વાયરો કયાંથી લાવ્યા તેનો સંતોષકારક જવાબ આપી ન શકતા ચોરીનો માલ હોવાની શંકાને આધારે બંનેની અટકાયત કરીને કેબલ અંગે સઘન પુછપરછ શરુ કરી છે.

પેથાપુર ચોકડી પાસે એએસઆઈ લક્ષ્મણજી તથા તેમની ટીમ ચેકીંગમાં હતા તે દરમિયાન બે શકમંદ યુવાનો ત્યાંથી કેબલ વાયરોના જથ્થા સાથે દેખાતા તેમને ઉભા રાખી કેબલ વાયરના જથ્થા અંગે પુછપરછ કરી હતી. સંતોષકારક જવાબ બંને યુવાન શખ્સો આપી શકયા ન હતાં. કેબલ ચોરીના હોવાની શંકાને આધારે રૂ. ૨૫૦૦ની કિંમતના કેબલ જપ્ત કરીને પેથાપુર પોલીસે મહુડી વિસ્તારના રહેવાસી બંને શકમંદો સંજય વિજયસિંહ રાઠોડ અને કેતન કનુસિંહ રાઠોડની ધરપકડ કરી ઉંડી પુછતાછ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લામાં આધુનિક ખેતીના પ્રણેતા નાંદોલના રમણભાઈ બટાકાવાળાનું અવસાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના નાંદોલ ગામે બટાકાની ખેતીમાં ક્રાંતિ સર્જનાર અગ્રણી ખેડૂત રમણભાઈ છોટાભાઈ પટેલ (બટાકાવાળા)નું તા. ૧૫મી ઓક્ટોબરે દુઃખદ અવસાન થવા પામ્યું છે. રમણભાઈ પટેલે નાંદોલ સેવા સહકારી મંડળીમાં ડીરેક્ટર તરીકેની સેવાઓ આપી રહ્યા હતા જે મંડળી ગાંધીનગર જિલ્લાની સૌથી મોટી સહકારી મંડળી ગણાય છે.

બટાકાની ખેતીમાં તેમણે એટલા અવનવા સફળ પ્રયોગો કર્યા હતા કે જેના કારણે લોકોમાં તેમનું નામ રમણભાઈ બટાકાવાળા તરીકે જ જાણીતુ થઈ ગયું હતું. તેમણે ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને બટાકાની ખેતી માટે સારા અને નવા પાકોની શોધો આપી છે. તેમણે બટાકાની ખેતીમાં આ શોધો માટે અથાગ પ્રયત્નો હાથ ધર્યા હતા અને સંસોધન માટે તેઓએ વિદેશોમાં અમેરિકા અને લંડન તેમજ ઈઝરાયેલ જેવા સ્થળોની પણ મુલાકાત લીધી હતી. બટાકાની ખેતીમાં તેમના પ્રયોગોની સફળતાએ અનેક ખેડૂતોને નવો રાહ ચીંધ્યો હતો અને આ ખેતીમાં સારી જાતના અને વધુ ઉતારો

આપતા બટાકાની ખેતી તરફી વાળ્યા હતા. જેના કારણે તેમને ગાંધીનગર જિલ્લાની આધુનિક ખેતીના પ્રણેતા પણ કહેવામાં આવે છે. સ્વ. રમણભાઈ પટેલ (બટાકાવાળા)નું બેસણું તા. ૧૯મી ઓક્ટોબરે રવિવારે સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા દરમિયાન નાંદોલ હાઈસ્કૂલના પટાંગણમાં રાખવામાં આવ્યું છે.

સે. ૩-સી માં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

મેલડી-આનંદ ગરબા મંડળના ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો તા. ૧૯ ઓક્ટોબર, રવિવાર, બપોરે ૨ થી ૬ દરમિયાન પ્લોટ નં. ૫૭૨ ના કોમન પ્લોટ, સેક્ટર-૩-સી ખાતે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિભક્તોને લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સેકટર-૭-ડી ખાતે નૂતનવર્ષની સવારે સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા બેસતા વર્ષના દિવસે સેકટર-૭-ડીના બગીચામાં સ્નેહમિલન સપરિવાર કાર્યક્રમ સવારે સાત વાગે યોજાશે.

પ્રમુખશ્રી જયંતજી ભટ્ટ નિવૃત્ત અધિકારી મંડળના કાર્યકારી પ્રમુખશ્રી સુમંતભાઈ શાહ, નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. ડૉ. ભાલચંદ્ર ઠાકર શાસ્ત્રોકત વેદોચ્ચાર સાથે સૂર્યની સ્તુતિ કરી આર્શીવચન શુભેચ્છાઓ પાઠવશે. લાફીંગ કલબ દ્વારા હાસ્યોચાર સાથે યોગા કસરત પણ કરવામાં આવશે. પ્રમુખશ્રી જયંત જી. ભટ્ટે સેકટર-૭-ડીના પરિવારોને હાજર રહેવા જણાવેલ છે.

પીંડારડા રોડ પરથી દારૂ-બિયર ભરેલી વર્ના કાર ઝડપાઈ

રૂ. ૨.૯૦ લાખના મુદ્દામાલ સાથે પેથાપુર પોલીસે વરસોડાના શખ્સની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા પીંડારડા રોડ પરથી પસાર થઈ રહેલી વર્ના ગાડીમાં વિદેશી દારૂ તથા બિયરના ટીનો જથ્થો ભર્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે વોચ ગોઠવીને ગાડી પકડી પાડી હતી. રૂ. ૨.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વરસોડા ગામના એક શખ્સની પેથાપુર પોલીસે ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલા તેમની ટીમ સાથે મળેલી ઈન્ફોર્મેશનને આધારે પીંડારડા રોડ પર વોચમાં ગઈ કાલે સાંજે બેસી ગયા હતા તેમને બાતમી મળી હતી કે જીજે ૧૮ એ.એચ. ૬૦૮૧ નંબરની વર્ના ગાડી પીંડારડા રોડ પરથી પસાર થવાની છે જેમાં દારૂ-બિયરનો જથ્થો પડયો છે. તે વોચમાં હતા તે દરમિયાન બાતમી વાળી ગાડી ત્યાંથી પસાર થતા તેને પકડી પાડી તપાસ કરી હતી કારમાંથી ૮૭ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૦ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૪૦,૦૦૦નો દારુ બિયર મળી આવ્યો હતો. રૂ. ૨.૫૦ લાખની કાર અને રૂ. ૪૦,૦૦૦નો દારૂ-બિયર મળીને કુલ રૂ. ૨,૯૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને વરસોડા ગામના દિગ્વિજય ઘનશ્યામસિંહ ચાવડા નામના શખ્સની પેથાપુર પોલીસે ધરપકડ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

'માતા'ના ખોળામાં શાંતિની અનુભૂતિ અનુભવતા શ્વાન. દૂધ પી આરામ કરતાં ગલુડીયા નિર્દોશ રીતે નીંદ્રાધીન થઈ બેફીકર છે. (કશ્યપ નીમાવત)

ડુંગરી ગરાસિયા સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૭

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર કારોબારી સમિતિની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે ડૉ કે.એન. બામણિયા, ઉપપ્રમુખ તરીકે ભીમજીભાઈ નિનામા, મંત્રી તરીકે પી.એમ. ખાંટ, સહમંત્રી તરીકે અજીતભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે નરસિંહભાઈ નિનામા, ખજાનચી તરીકે નામદેવ વર્સાત અને આંતરિક અન્વેષક તરીકે ધીરુભાઈ ડામોરની વરણી કરવામાં આવી છે.

દિવાળી પર્વને લઈ મીઠાઈનું વિતરણ કર્યું

ગજાનન સેવા સમિતિ દ્વારા દિવાળીના તહેવારોને લઈને ગરીબ અને નિરાધાર વ્યકિતઓને મીઠાઈ અને ખાદ્ય પદાર્થોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકાના ખારી અને સુનોક ગામની ૧૫૮ વૃદ્ધ નિરાધાર વિધવા બહેનોને દિવાળી નિમિત્તે મોહનથાળ અને ખાંડ, તેલ, ચોકા, કઠોળ સહિતની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમ.પી.ટ્રસ્ટના મણીભાઈ ચૌધરી, નીતિન જોશી, ભગુભાઈ, અર્જુન ગામેતી, દિનેશભાઈ, મિલીન્દ ગુપ્તે જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

સે-૨૩ સ્વામિનારાયણ મંદિરે નવ વર્ષને લઈ વિવિધ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં દિવાળી પર્વને લઈને વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. મંદિર ખાતે વિ.સં. ૨૦૭૧ના નવા વર્ષે તા. ૨૧ મંગળવાર ધનતેરસ, તા. ૨૨ મી કાળી ચૌદશ બુધવાર સાંજે ૭.૧૫ કલાકે હનુમાનજીનું વિધિ સહિત ખાસ પૂજન કરવામાં આવશે. ત્યાર બાદ આરતી અને સભા યોજાશે. દિવાળીના દિવસે અન્નકૂટ મહોત્સવ યોજાશે. સવારે ૧૦ વાગે અન્નકૂટ આરતી અને ત્યારબાદ ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અન્નકૂટ દર્શન કરાવવામાં આવશે. નવા વર્ષના દિવસે નગરજનો સૌ પ્રથમ ભગવાનની પૂજા કરતા હોય છે. વર્ષ આખુ સુખ શાંતિથી પસાર થાય તે માટે સ્વામિનારાયણ મંદિરે સવારે ૬-૦૦ વાગે મંગળા આરતી યોજાશે તેમજ આરતી દર્શન, મંગળ આશીર્વાદ, સાકર વર્ષ અને ભક્ત મિલન મહોત્સવ યોજાશે. વિદેશમાં વસતા હરિભકતો તેમજ નગરજનો માટે સંસ્થા દ્વારા આ કાર્યક્રમને લાઈવ કરવામાં આવ્યો છે. જે ડબલ્યુ. ડબલ્યુ. ડબલ્યુ. એસકેશાસ્ત્રી. ઓઆરજી પર નિહાળી શકાશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૧

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હૈદર : ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે. આળસથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. સ્વપ્રાઓ સાકાર થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. વસરામજી ખેંગારજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. પીંડારડા, તા.જી.ગાંધીનગર
- સ્વ. સરોજબેન જગદીશભાઈ પરમાર (ઉ.વ.૨૨) કુબેરનગર, વાવોલ, તા.જી. ગાંધીનગર